# ચોર પકડયા

– યોસેફ મૅકવાન

સવાર પડી ગઈ.

ઉનાળાની રાતની મીઠી નિંદરમાંથી લોકો જાગી રહ્યાં હતાં.

બાલ્કનીમાં સૂતેલી મમતા જાગી. પાસે સૂતેલી મમ્મે તો ક્યારનીયે ઊઠી ગઈ હતી. મમતા પથારીમાં પડયા પડયા આકાશમાં ઊડી જતાં પંખીઓને જોઈ રહી. એવામાં સોસાયટીમાં રહેલો શોરબકોર તેના કાને પડયો. તે બેઠી થઈ. તેણે સાંભળ્યું કે પાછળના ફલેટમાં બીજે માળે રહેતા દાસ અંકલના ઘરે ચોરી થઈ છે ! સાંભળીને મમતા પાછી પથારીમાં પડી.

દાસ અંકલ અને તુલસી આન્ટિ ફલેટની આગળની મોટી બાલ્કનીમાં સૂતાં હતાં. ચોરો એમના ફલેટમાં પાઈપ વાટે પાછળના ભાગે ચડયા. એક બારી કાઢી નાખી. ઘરમાં ઘૂસ્યા. બેગમાં રૂપિયા–દાગીના ભર્યા. પછી પાછા પાઈપ વાટે ઊતર્યા ને બેગ લઈ ભાગ્યા. કોઈને કંઈ જાણ થઈ નહીં. ઉનાળાની રાતના ઠંડા પવનમાં બધાં મીઠી નિંદર માણતાં જ રહ્યાં.

‘મમતા....! ઊઠ બેટા !’ સુરભિએ કહ્યું, ‘જો તુલસી આન્ટિને ઘેર ચોરી થઈ છે. હું ત્યાં જાઉં છું. તું ઊઠ ને સચીનને ઉઠાડ. બેય જણા મોં ધોઈ ચા–દૂધ પી લેજો ને નાસ્તો કરજો. તૈયાર છે, હોં!’

એટલામાં મમતાનો ફોન રણક્યો ‘મમતા.....દીદી.....મમતા.....દીદી!’

મમતાએ ફોનનું ડીટું જમણી તરફ દબાવ્યું, બોલી, ‘હેલો! પપ્પુ બોલ શું હતું ?’

પપ્પુએ સામેથી કહ્યું, તમને ખબર છે તમારી સોસાયટીમાં ચોરી થઈ છે તે ?’

‘હા, મને હમણાં જ થઈ. પણ તને ક્યાંથી ખબર પડી ?’ મમતાએ પ્રશ્ન કર્યો.

‘એ બધું પછી દીદી, પપ્પુએ કહ્યું, ‘હું તો મધરાતથી એ ચોરોના ઘર આગળના ઝાડ પર બેઠો છું.’

મમતો પટ પૂછ્યું, પણ તું છે ક્યાં ?

‘દીદી, તમે જેના ઘેર ચોરી થઈ છે તે અંકલને જ ફોન આપો......હું તેમને સમજાવીશ.’ પપ્પુએ શાંતિથી કહ્યું.

મમતા દોડીને દાસ અંકલના ઘેર ગઈ. તેમને ફોન આપ્યો.

ફોન જોઈ દાસ અંકલ નવાઈ પામ્યા, ફોન કાને મૂકી કહ્યું,

‘હેલો !’

'હેલો અંકલ કહ્યું, 'હું પપ્પુ પોપટ મમતાનો ફ્રેન્ડ બોલુ છું.'

દાસ અંકલે કહ્યું, 'બોલો ભાઈ !'

'અંકલ ,ગાંધીનગર જતાં વચ્ચે ગોતા ચોકડી આવે છે જોઈ ? પપ્પુએ પૂછ્યું.

દાસ અંકલે કહ્યું, 'હા જોઈ......!'

પપ્પુ બોલ્યો, 'બસ ત્યાંથી અંદર ગામભણી જવાનું.'

'હં.....પછી ?'

'પછી ત્યાં દિલખુશ ફાર્મ–હાઉસ આવે.....'

'હં.....પછી?'



પપ્પુએ કહ્યું, 'એ ફાર્મહાઉસની પાછળ બે ઝૂંપડીઓ છે. એમાં આ ચોરો છુપાયા છે. અંકલ, ફોન મમતાદીદીને આપો, તો.'

ફોન લેતા મમતા બોલી, અંકલ સમજ્યાને ? પછી મમતાએ પપ્પુને સાથે વાત કરી.

દાસ અંકલે પપ્પુની વાત ધ્યાનથી સાંભળી. તુલસીને કહ્યું, 'ચાલો પોલીસ સ્ટેશને. ફરિયાદ નોંધાવીએ. પછી પોલીસને લઈને જ દિલખુશ ફાર્મ પાછળ સંતાયેલા ચોરોને પકડીએ !

દાસ અંકલ, તુલસી આન્ટિ, મમતા અને બીજા બે જણ પોલિસ સ્ટેશને ગયાં. ફરિયાદ નોંધાવી.

પપ્પુએ ચોરો વિશે આપેલી વિગત દાસ અંકલે પોલીસ ઈન્સપેક્ટરને કહી. મમતાએ ફરી પાછો પપ્પુને ફોન જોડયો.

પપ્પુ પોપટ બોલ્યો, 'હં.....બોલો દીદી!' તમે પોલીસને લઈને આવો છો ને?'

'પપ્પુ...!' મમતા બોલી, 'તું ઈન્સ્પેકટર સાહેબને ક્યાં આવવાનું છે તે સમજાવ. હું એમને ફોન આપું છું. આમ કહી મમતાએ ઇન્સ્પેક્ટરને ફોન આવ્યો.'

પપ્પુએ ઇન્સ્પેક્ટર, બે પોલીસ, દાસ અંકલ તુલસી આન્ટિ, મમતાને બીજા..... એમ સાંકડેમાંકડે જીપમાં ગોઠવાયા. જીપ સડસડાટ ચાલી....તે ઝટ આવી ગોતા ચોકડી. ત્યાંથી પોલીસે જીપ ગોતા ગામ ભણી વળી. થોડા આગળ ગયાં ત્યાં 'દિલખુશ ફાર્મ હાઉસ'નું બોર્ડ આવ્યું.

'હવે ? ઇન્સ્પેક્ટરે પૂછ્યું.'

એક મિનિટ.....કહી મમતાએ પપ્પુ પોપટને ફોન જોડયો.

'હલ્લો પપ્પુ, અમે ફાર્મહાઉસના ઝાંપે છીએ. હવે ? લે, સાહેબને રસ્તો કહે.' કહેતા મમતાએ પોલીસ ઇન્સ્પેક્ટરને ફોન આપ્યો.

'હલો...' પપ્પુ બોલ્યો, 'હં સાહેબ, તમે ફાર્મહાઉસના ઝાંપે જે કાચો રસ્તો સીધો જાય છે ત્યાં કાચા રસ્તે આગળ આગળ આવો. એટલે ફાર્મહાઉસનો પાછળનો ભાગ આવશે. બસ ત્યાં જ બે ઝૂંપડીઓ દેખાશે. હું ત્યાં પાસેના ઝાડ પર બેઠો જ છું....!'

'સારું.... અમે આવીએ છીએ.' કહી ઈન્સ્પેકટરે જીપ કાચા રસ્તે લેવા જણાવ્યું. ફોન મમતાને આપ્યો.

બે જ મિનિટમાં જીપ ઝૂંપડી પાસે આવી ગઈ.

પપ્પુ પોપટ તરત ઊડીને જીપ પર આવી બેઠો. બોલ્યો, 'જુઓ, આ ઝૂંપડીમાં એ ચોરો છુપાયા છે.'

ઇન્સ્પેકટરે ઝૂંપડીના દરવાજે દંડો ફટકાર્યો.

એક જુવાન છોકરાએ ગભરાતા ગભરાતા દરવાજો ખોલ્યો. ઇન્સપેક્ટરને જોતાં જ તેમને ધક્કો મારી ભાગ્યો. ઇન્સપેક્ટર ધડ્મ પડયા. એક પોલીસ ચોર પાછળ દોડયો. તેના પગમાં છૂટો દંડો ફેંક્યો. ચોરના પટમાં વાગ્યો. તે પડયો. પોલીસે તેને પકડી લીધો. આ ધમાલમાં બીજો ચોર ઝૂંપડીના પાછળના ભાગમાંથી ભાગ્યો. બીજો પોલીસ ત્યાં પહેલેથી જ હતો. તેણે ચોરને પકડી લીધો.

પોલીસોએ તેમને દોરડાથી બાંધ્યા. ઇન્સપેક્ટર ઝૂંપડીમાં ગયા. હાથમાં લાલ રંગની બેગ લઈ બહાર આવ્યા. એ જોઈ તુલસી તરત બોલી, 'હાં સાહેબ, આ જ છે અમારી બેગ, હાશ બધું મળી ગયું.'

દાસ અંકલે અને તુલસી આન્ટિએ મમતાનો આભાર માન્યો.

મમતા બોલી, 'આભાર તો આ મારા દોસ્ત પપ્પુનો માનો. એ આખી રાત અહીં રોકાયો તો ચોરો પકડાયા ! પછી આશ્ચર્યથી આંખો નચાવતા મમતાએ પૂછ્યું, 'પણ પપ્પુ કહે...તો... ખરો, તને અમારી સોસાયટીની ચોરીની વાત રાત્રે કરી'તી કોણે?'

પપ્પુ બોલ્યો, 'ઉલ્લુ અંકલે. એ ગઈ રાતે તમારી સોસાયટીના એક ફ્લેટની બાલ્કનીમાં બેઠા હતા. તેમણે આ ચોરોને પાઈપ વાટે ઉતરતા જોયેલા, એટલે મને તરત ફોન પર ચોરોની વાત જણાવી. મેં ઉલ્લુ અંકલને કહેલું કે 'ચોરોનો પીછો કરો, ને તે ક્યાં છે તે મને જણાવો.' હું ત્યાં આવીશ.

મમતા અકળાઈને બોલી, 'અરેરેરે!' આ ઉલ્લુ અંકલને હું તારી દોસ્ત મમતા આ સોસાયટીમાં રહું છું એની એમને ક્યાંથી ખબર પડી... હેં... ?'

પપ્પુ પોપટ ખડખડાટ હસી પડયો. પછી બોલ્યો, 'થોડા દિવસ પહેલાં અમે અહીં મધરાતે ભેગા થઈ ગયેલા. ત્યારે મેં એમને કહેલું. અહીં મારી ખાસ દોસ્ત મમતા રહે છે....એ વાત એને યાદ રહી ગયેલી....એટલે !'

'ઓહો.....તો એમ કહેને મારા ભઈ!' મમતા મલકી રહી. પપ્પુ પોપટે આગળ ચલાવ્યું, હવે કાલે રાતે એમણે ચોરોને અહીં ચોરી કરી ભાગતા જોયા.... તે એમનો પીછો કર્યો. ચોરો આ ઝૂંપડીમાં ગયા. તરત ઉલ્લુ અંકલે મને ફોન કરી અહીં બોલાવી લીધો. હું આખી રાત ચોરો પર નજર રાખતો આ ઝાડ પર બેસી રહ્યો. ને સવારે તમને....મમતા વચ્ચે બોલી. 'ફોન કરી જણાવ્યું એમ જ ને ! અને ચોર પકડાઈ ગયા. ઇન્સપેક્ટરે કહ્યું, 'પપ્પુ પોપટ, આ તમારો મોબાઈલ ફોન જુદો લાગે છે....'

'હા સાહેબ,' પપ્પુએ કહ્યું, 'મારા દીકરાની ફેક્ટરીમાં બને છું. હું તમનેય અમારાં જંગલનો આવો નવો બનાનફોન આપીશ એક દિવસ....!'

પછી બધા ચોરોને લઈ જીપમાં બેઠા. જીપ પોલીસ સ્ટેશન તરફ ઉપડી.....પપ્પુ પોપટે બધાંને બાય બાય કર્યું. ને ઊડી ગયો ઘર ભણી....!

■